ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજ-ાત

ગુજ-ાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવ-ંગપુ-ા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/ ૧૯૬૨૮ /૨૦૧૭** **તા. ૨૭-૦૬-૨૦૧૭**

**પરિપત્ર નં. :** ૧૮૦

**પ્રતિ,**
સંબંધિત ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ
સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
માનનીય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તરફ
માનનીય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ.

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટીના ભવનો તેમજ વિભાગોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસ દરમ્યાન ૭૫% હાજરી રાખવી ફરજીયાત છે, અને તે અંગે યુનિવર્સિટી કક્ષાએ કોઈપણ જાતની છૂટછાટ આપવાની થતી નથી, જે અંગે કોલેજના પ્રિન્સિપાલશ્રી કે ભવનો/વિભાગનાં વડાશ્રીઓએ નોંધ લેવી.

વધુમાં સેમેસ્ટર સીસ્ટમમાં સમય મર્યાદાને લીધે વિદ્યાર્થીઓ પરીક્ષા ફોર્મ સેમેસ્ટરની વચ્ચે મોકલવાના થતાં હોય છે. આથી વિદ્યાર્થીઓની હાજરી બાબતની યોગ્ય ચકાસણી વગર પરીક્ષા ફોર્મ્સ ભરાવવામાં આવે છે અને તે પછી જો કોઈ વિદ્યાર્થીની હાજરી ઓછી હોય તો કોલેજ કે વિભાગ દ્વારા આવા વિદ્યાર્થીઓની હોલ ટીકીટ રોકીને પરીક્ષામાં નહી બેસવા દેવાની વિનંતી યુનિવર્સિટીને મોકલવામાં આવે છે. આ બાબતમાં યુનિવર્સિટી કોઈ જ કાર્યવાહી કરશે નહીં, જેની નોંધ લેવી.

આ બાબતનાં નિરાકણ માટે આથી આપશ્રીઓને તાકીદ કરવામાં આવે છે કે કોલેજોમાં પ્રિન્સિપાલશ્રી કે ભવન/વિભાગના અધ્યક્ષો દ્વારા જ્યારે પરીક્ષા ફોર્મ ભરાવવામાં આવે ત્યારે સેમેસ્ટરની શરૂઆતથી ફોર્મ ભરાવવાની તારીખ સુધીમાં જે વિદ્યાર્થીઓની હાજરી પ્રોરેટા મુજબ ૭૫% ન થતી હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીને મોકલવાના થતાં નથી. આવા વિદ્યાર્થીઓ જો બાંયધરી પૂર્વક બાકી રહેલ સમય દરમ્યાન ખૂટતી હાજરીની ઘટતી પૂર્તતાની બાંયધરી આપે અને તે અંગેની જરૂરી કાર્યવાહી કર્યા બાદ જ જે તે કોલેજના પ્રિન્સિપાલશ્રી/ભવન/વિભાગનાં અધ્યક્ષશ્રીએ તેઓની જવાબદારીથી જ આવા ફોર્મ્સ યુનિવર્સિટીમાં જમા કરાવાના રહેશે. જે અંગે જરૂરી ફી કે જરૂરી મંજૂરી યુનિવર્સિટીના કંટ્રોલર ઓફ એકઝા./રજીસ્ટ્રાર/ વા.ચા.શ્રી દ્વારા મેળવ્યા બાદ જ જમા કરાવવાનાં રહેશે.

હાજરી બાબતનું યુનિવર્સિટી કક્ષાએ નિરાકરણ થઈ શકતું ન હોવાથી આ બાબતને ગંભીર ગણી આ બાબત અંગે આપની કોલેજ/ભવન/વિભાગમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને ધ્યાનમાં લાવી ઘટતી કાર્યવાહી કરવાનું આથી જણાવવામાં આવે છે.

કા. કુલસચિવ

D:\Shambhu\MIX\Paripatra.pmd